**વિધાનસભા કામકાજ**
**તારાંકિત પ્રશ્ન**
**તાત્કાલિક**

ક્રમાંકઃ-વસપ/મભય/૨૦૨૪/તા.પ્ર.-૧/૨
તારીખઃ૨૯/૦૧/૨૦૨૪
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 01 FEB 2024

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા સચિવાલય,

ગાંધીનગર.

**વિષયઃ- તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૧૪૪**
**સભ્યશ્રીનું નામઃ માન.ધારાસભ્યશ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ(પાટણ)**
**શિર્ષક - બિપરજોય વાવાઝોડામાં અસરગ્રસ્તોને મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો દ્વારા ચા-નાસ્તા અને ભોજનની વ્યવસ્થાના બિલ**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના ગુજરાત વિધાનસભા ગાંધીનગર દ્વારા Neva માં ઓનલાઈન દાખલ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૧૪૪ ની તબદીલી સ્વીકારવા માટે મહેસૂલ વિભાગને વિનંતી કરતાં , આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર મહેસૂલ વિભાગે તા.૦૧/૦૨/૨૦૨૪ ની નોંધથી તબદીલી સ્વીકારવા અનુમતિ આપેલ છે. આથી **માન.ધારાસભ્યશ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ(પાટણ)** દ્વારા પુછાયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૫/૪/૧૧૪૪ ને તે વિભાગને તબદીલ કરવામાં આવેલ છે અને તે વિભાગે તબદીલી સ્વીકારેલ છે તથા પ્રશ્નની અસલ નકલ તે વિભાગને મોકલવામાં આવેલ છે. આથી હવે પ્રસ્તુત પ્રશ્નનો જવાબ ગૃહમાં માનનીય શિક્ષણમંત્રશ્રીને બદલે માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન) આપશે, જે આપને વિદિત થવા વિનંતી છે.

આપની વિશ્વાસુ,

**(જયશ્રી દેવાંગન)**
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના-પ્રતિ, અધિક મુખ્ય.સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય , ગાંધીનગર.
જરૂરી ઘટતી કાર્યવાહી સારૂ.